ક્રમાંકઃ એનસીવી/૧૦૨૦૨૦/એસએફએસ-૦૧/ગ.
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તાઃ-૧૮-૦૪-૨૦૨૦

કાર્યાલય આદેશઃ-

વિશ્વમાં ફેલાયેલ કોરોના વાયરસને ડબલ્યુ.એચ.ઓ.એ પેન્ડેમીક જાહેર કરેલ છે. રાજય સરકાર ધ્વારા કોરોના વાયરસ COVID-19ની અસરોને પહોંચી વળવા વિવિધ પગલાં લેવામાં આવી રહયા છે અને રોગ નિયંત્રણની કામગીરી સધન બનાવવામાં આવી છે.

હાલમાં ભારત સરકારની માર્ગદર્શિકા અનુસાર રાજયમાં સેમ્પલ કલેકશન, ટેસ્ટીંગ, સર્વેલન્સ, રિપોર્ટ તથા સારવારની સધન કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે. આ કામગીરી વધુ અસરકારક રીતે થાય તે માટે...

(૧) રાજયમાં COVID-19ના નિદાન માટેનું સેમ્પલ કલેકશન, ટેસ્ટીંગ, સર્વેલન્સ તથા રિપોર્ટ સંબંધિત બાબતોની કામગીરી શ્રી હારિત શુકલા (IAS) સ્પે. કમિશનરશ્રી, (COVID-19) એ સંભાળવાની રહેશે.

(૨) સેમ્પલ કલેકશન બાદ સેમ્પલ લેબમાં પહોંચે ત્યારબાદ આઇસોલેશનમાં લેવા, COVID-19ના લક્ષણો જણાય તો કોવીડ હોસ્પિટલમાં દાખલ કરવાના, તેની સારવાર બાદના ટેસ્ટ અને COVID-19ના લક્ષણો ન જણાય તેવા દર્દીના અન્ય ટેસ્ટ થાય ત્યાં સુધી કોરોન્ટાઇન કરવા વિગેરેની તમામ કાર્યવાહી શ્રી જયપ્રકાશ શિવહરે (IAS) કમિશનરશ્રી (આરોગ્ય) એ જોવાની રહેશે.

ઉપરોકત બંને અધિકારીશ્રીઓએ દરરોજની કામગીરીનો રિપોર્ટ અગ્ર સચિવશ્રી (આ.પ.ક.વિ) ને કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ. એમ. કુરેશી)
સંયુકત સચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

પ્રતિ,

- માન, મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન, રા.ક.મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુકત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- શ્રી હારિત શુકલા (IAS) સચિવશ્રી, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, (આરોગ્ય), કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- રાજયના તમામ કલેકટરશ્રીઓ/ જિલ્લા વિકાસ અધિકરીશ્રીઓ.
- સર્વે મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ ,
- સીલેકટ ફાઇલ.